એક ઐતિહાસિક જૈન પ્રશસ્તિ

જૈનોએ અને જૈનાચાર્યોએ જેમ પોતાના પ્રાચીન સાહિત્યની રક્ષા કરી છે તે પ્રમાણે ગૌરવભર્યા જૈનેતર સાહિત્યનું પણ રક્ષણ તેમ જ પોષણ તે તે ગ્રંથોના ઉતારા[1] કરાવી, તે તે ગ્રંથો ઉપર ટીકા-ટિપ્પણ[2] આદિ રચી, અનેક પ્રકારે કર્યું છે. આ પ્રકારનું રક્ષણ તેમ જ પોષણ ખંડનાત્મક દૃષ્ટિથી જ કરાતું હતું તેમ નહીં, કિંતુ ગુણગ્રાહિપણાથી અને સાહિત્યવિલાસિતાથી પણ. આના ઉદાહરણરૂપે શ્રીમાન હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય તથા શ્રીમાન યશોવિજયોપાધ્યાય આદિના ગ્રંથોમાં આવતાં અવતરણો જ[3] બસ થશે. ગુજરાતના જૈનેતર કવિઓના ગૌરવભર્યા શ્રી વત્સરાજ વિરચિત 'रूपकषट्क', કાયસ્થકવિ સોઢ્ઢલ વિરચિત 'उदयसुन्दरीकथा' આદિ ગ્રંથોનું રક્ષણ પણ પાટણના જૈન ભંડારોમાં જ થયું છે.

જેમ જૈનોએ સાહિત્યસેવા અનેક પ્રકારે કરી છે તેમ ગૂજરાતના મહાપુરુષોના—રાજા મહારાજાઓ, તેમના મહામાત્યો, તે તે સમયે વિદ્યમાન સાહિત્યવિલાસી ધનાઢ્યો અને ધર્માત્માઓના—અને તે તે

---

૧. મહાકવિ રાજશેખરકૃત 'કાવ્યમીમાંસા' ગ્રંથ, જે બરોડા ઓરિયેન્ટલ સિરીઝ તરફથી છપાઈને બહાર પડ્યો છે, તેની ત્રણ કોપીઓ જૈન ભંડારમાંથી જ મળી હતી. બૌદ્ધગ્રંથ 'કમલશીલ સટીક'-ની કોપી પણ જૈન ભંડારમાંથી મળી છે. શુંભલીમત કે જે પ્રાચીન છે તે મતનો પણ એક ગ્રંથ પાટણના તાડપત્રના જૈન ભંડારમાં વિદ્યમાન છે. આ પ્રમાણે ન્યાય, કાવ્ય-નાટક, અલંકાર, જ્યોતિષ, નીતિ આદિના અનેક ગ્રંથો વિદ્યમાન છે કે જેની કોપી અન્યત્ર ન પણ મળે.

૨. દિઙ્નાગના ન્યાયપ્રવેશ પર હરિભદ્રની ટીકા, ધર્મોત્તર ઉપર મલ્લવાદિનું ટિપ્પણ, રુદ્રટના કાવ્યાલંકાર ઉપર નમિસાધુની ટીકા, મમ્મટના કાવ્યપ્રકાશની માણિક્યચંદ્રકૃત કાવ્યપ્રકાશસંકેતટીકા, પંચકાવ્ય ઉપર અન્યાન્ય જૈનાચાર્યોની ટીકાઓ, કાદંબરી ઉપર ભાનુચંદ્ર-સિદ્ધિચંદ્રની વિસ્તૃત ટીકા અને મમ્મટના કાવ્યપ્રકાશ ઉપર ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયોપાધ્યાયની વિસ્તૃત ટીકા—આ પ્રમાણે અનેક ગ્રંથો પર ટીકાઓ રચાઈ છે.

૩. "एवं क्रमेण 'एषा' सद्दष्टिः 'सतां' मुनीनां भगवत्पतञ्जलिभदन्तभास्करबन्धुभगवदत्तवादीनां योगिनामित्यर्थः" યોગદૃષ્ટિ ટીકા, પત્ર ૧૫. "तथा 'वृद्धिरादैच्' इत्यत्र भगवता भाष्यकारेणावस्थापितम्" હૈમ કાવ્યાનુશાસનવિવેક, પત્ર ૧૭૩ ઇત્યાદિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયનાં પાટનગરાદિની જાહોજલાલી ઇત્યાદિના અવદાતોની રક્ષા પણ અનેક પ્રકારે કરી છે. આ પ્રકારોના આપણે ચાર વિભાગ કરીશું: ૧. તેમના ચરિત્રગર્ભિત[૪] ગ્રંથો, ૨. તેમના નામાદિગર્ભિત શિલાલેખો,[૫] ૩. ગ્રંથકારોએ પોતાના ગ્રંથોના પ્રારંભમાં કે અંતમાં ઉલ્લિખિત તે તે વર્ણનયુક્ત પ્રશસ્તિઓ, અને ૪. ગ્રંથોના લખાવનારે તેના અંતમાં લખાવેલ પ્રશસ્તિઓ. જ્યાં સુધી ઉપર્યુક્ત પ્રકારનાં અંગોમાંનું એક પણ અંગ અપૂર્ણ હોય ત્યાં સુધી ગૂજરાતની વિભૂતિઓનું સંપૂર્ણ અવદાત આપણે જાણી શકીએ નહીં. આ જ કારણથી આવા પ્રકારના સાહિત્યના સંગ્રહની આવશ્યકતા જોવાયેલી છે. પ્રસ્તુત પ્રશસ્તિને આપણે ચતુર્થ વિભાગમાં દાખલ કરીશું.

આ પ્રશસ્તિમાં જણાવેલ 'પેથડશાહે ચાર જ્ઞાનભંડારો સ્થાપ્યા, મંડિલકે પણ કેટલુંક ગ્રંથોદ્ધારનું કાર્ય કર્યું, અને પર્વતે પણ પુસ્તકભંડાર સ્થાપ્યો' ઇત્યાદિ ઉલ્લેખથી તેમ જ મહારાજા કુમારપાળે, મંત્રી વસ્તુપાળ–તેજપાળે અને પેથડશાહ આદિએ અનેક ભંડારો સ્થાપ્યાના અન્ય ઠેકાણે મળતા ઉલ્લેખોથી જ ગૂજરાતના ઇતિહાસના જૈનોએ કરેલા કાર્યની સહેજે ઝાંખી થાય છે.

'जिणदासमहत्तर' इति तेन रचिता चूर्णिरियम् ॥
सम्यक् तथाऽऽम्नाय...........भावादत्रोक्तं यदुत्सूत्रम् ।
मतिमान्द्याद्वा किञ्चित्तच्छोध्यं श्रुतधरैः कृपाकलितैः ॥ १ ॥

श्रीशीलभद्रसूरीणां शिष्यैः श्रीचन्द्रसूरिभिः ।
विंशकोद्देशके व्याख्या दृब्धा स्वपरहेतवे ॥ २ ।

वेदाश्वरुद्रयुक्ते ११७४ विक्रमसंवत्सरे तु मृगशीर्षे ।
माघसितद्वादश्यां समापितोऽयं रवौ वारे ॥ ३ ॥

इति श्री निशीथचूर्णिविंशकोद्देशकव्याख्या समाप्ता ॥ ग्रंथाग्रं० संख्या २८००० ॥

स्वस्ति श्रीप्रभुवर्द्धमानभगवत्प्रासादविभ्राजिते
श्री संण्डेरपुरे सुरालयसभे प्राग्वाटवंशोत्तमः ।
आभूर्भूरियशा अभूत् सुमतिभूर्भूमिप्रभुप्रार्चित–
स्तज्जातोऽन्वयपद्मभासुररविः श्रेष्ठी महानासडः ॥ १ ॥

सन्मुख्यो मोषनामा नयविनयनिधिः सूनुरासीत्तदीय–
स्तद्भ्राता वर्द्धमानः समजनि जनतासु स्वसौजन्यमान्यः ।

अन्यूनाऽन्यायमार्गाऽपनयनरसिकस्तत्सुतश्चण्डसिंहः
सप्ताऽऽसंस्तत्तनूजाः प्रथितगुणगणाः पेथडस्तेषु पूर्वः ॥ २ ॥

नरसिंहरत्नसिंहौ चतुर्थमल्लस्ततस्तु मुञ्जालः
विक्रमसिंहो धर्मण इत्येतेऽस्यानुजाः क्रमतः ॥ ३ ॥

सण्डेरकेऽणहिलपाटकपत्तनस्या–

---

૪. દ્વયાશ્રયમહાકાવ્ય, કુમારપાલપ્રતિબોધ, કુમારપાલચરિત્ર, મોહપરાજય નાટક, વિમળપ્રબંધ, વસ્તુપાળચરિત્ર, સુકૃતસાગર ઇત્યાદિ.

૫. ગિરિનાર, શત્રુંજય, આબુ, તારંગા આદિ મહાતીર્થોના લેખો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऽऽसन्ने य एव निरमापयदुच्चचैत्यम् ।
स्वस्वैः स्वकीयकुलदैवतवीरसेव्यश-(?)
क्षेत्राधिराजसतताश्रिततसन्निधानम् ॥ ४ ॥

वासाऽवनी तेन समं च जाते
कलौ कुतौ स्थापय देवहेतोः ।
वीजापुरं क्षत्रियमुख्यबीज-
सौहार्दतो लोककरार्द्धकारी (?) ॥ ५ ॥

अत्र रीरीमयज्ञातनन्दनप्रतिमान्वितम् ।
यश्चैत्यं कारयामास लसत्तोरणराजितम् ॥ ६ ॥

योऽकारयत्सचिवपुङ्गववस्तुपाल—
निर्मापितेऽर्बुदगिरिस्थितनेमिचैत्ये ।
उद्धारमात्मन इव ब्रुडतो ह्यऽपार-
संसारदुस्तरणवारिधिमध्य इद्धः ॥ ७ ॥

गोत्रात्रे (गोत्रेऽत्रै) वाऽऽद्याप्तबिम्बं भीमसाधुविधित्सितम् ।
यः पित्तलमयं हैमदृढसन्धिमकारयत् ॥ ८ ॥

चरमजिनवरेन्द्रस्फारमूर्त्तिं विधाय
गृहजिनवसतौ प्रातिष्ठिपच्छुद्धलग्ने ।
पुरउरुतरदेवौकःस्थितायां च तस्यां
समहमतिलघोः श्रीकर्णदेवस्य राज्ये ॥ ९ ॥

खरससमयसोमे १३६० बन्धुभिः षड्भिरेव
सममिह सुविधीनां साधने सावधानः ।
विमलगिरिशिरःस्थादीश्वरं चोज्जयन्ते
यदुकुलतिलकाभं नेमिमानम्य मोदात् ॥ १० ॥

निजमनुजभवं यः सार्थकं श्राक् चकार
विहितगुरुसपर्यः पालयन् साङ्घपत्यम् ।
कलसकलकलासत्कौशली निष्कलङ्कः
पुनरपि षडकार्षीद् यो हि यात्रास्तथैव ॥ ११ ॥
त्रिभिः कुलकम् ।

मुनिमुनियक्ष १३७७ मितेऽब्दे दुर्भिक्षविलक्षदीनजनलक्षान् ।
वीक्ष्याऽनूनान्नानां दानात्स्वस्थांश्च यः कृतवान् ॥ १२ ॥

समयश्रुतिफलमतुलं स्वगुरोर्योऽथैकदाऽवबुध्य सुधीः ।
सकलं विमलं सततं सदागमं श्रावय मम त्वम् ॥ १३ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इत्यर्थितवांस्तस्मै गुरौ प्रवृत्तेऽकरोत्तथा कर्त्तुम् ।
तद्गतवीरगौतमनामार्चा रैरजतटङ्कैः ॥ १४ ॥
तेनाऽर्हणाधनेनालेखयदाप्तोक्तिकोशसच्चतुष्कम् ।
सत्यादिसूरिवचनात् क्षेत्रनवकउप्तवान् वित्तम् ॥ १५ ॥
त्रिभिः कुलकम् ।

तत्तनयः पद्माह्वस्तदुद्भवो लाडणस्तदङ्गभवः ।
अस्ति स्माऽऽह्लणसिंहस्तदङ्गजो मण्डलिकनामा ॥ १६ ॥
श्रीरैवतार्बुदसुतीर्थमुखेषु चैत्यो–
द्धारानकारयदनेकपुरेष्वनल्पैः ।
न्यायार्जितैर्धनभरैर्वरधर्मशालाः
यः सत्कृतो निखिलमण्डलमण्डलीकैः ॥ १७ ॥
वसुरसभुवनप्रमिते १४६८ वर्षे विक्रमनृपाद् विनिर्जितवान् ।
दुष्कालं समकालं बह्वन्नानां वितरणाद् यः ॥ १८ ॥
वर्षेषु सप्तसप्तत्यऽधिकचतुर्दशशतेषु १४७७ यो यात्राम् ।
देवालयकलितां किल चक्र शत्रुञ्जयाद्येषु ॥ १९ ॥
श्रुतलेखनसङ्घार्चाप्रभृतीनि बहूनि पुण्यकार्याणि ।
योऽकार्षीद् विविधानि च पूज्यजयानन्दसूरिगिरा ॥ २० ॥
व्यवहर इत्याख्योऽभूद्दक्षस्तत्तनूज एव विजिताख्यः ।
वरमणकाईनाम्नी सत्त्ववती जन्यजनि तस्य ॥ २१ ॥
तत्कुक्ष्यऽनुपममानसकासारसितच्छदास्त्रयः पुत्राः ।
अभवन् श्रेष्ठाः पर्वत—डूङ्गर–नरबदसुनामानः ॥ २२ ॥
तेष्वऽस्ति पर्वताख्यो लक्ष्मीकान्तः सहस्रवीरेण ।
पोईआप्रमुखकुटुम्बैः परीवृतो वंशशोभाकृत् ॥ २३ ॥
डुङ्गरनामा द्वितीयः स्वचारुचातुर्यवर्यमेधावान् ।
पत्नी मङ्गादेवी रमणः कान्हाख्यसुतपक्षः ॥ २४ ॥

स्वकारिताऽर्हत्प्रतिमाप्रतिष्ठां
विधाप्य तौ पर्वतडुङ्गराभिधौ ।
वर्षे हि नन्देषुतिथौ १५५९ च चक्रतुः
श्रीवाचक(?)स्थापनसन्महोत्सवम् । २५ ॥
खर्तुतिथिमित १५६० समायां यात्रां तौ चक्रतुः सुतीर्थेषु
जीरापल्लीपार्श्वाऽर्बुदाचलाद्येषु सोल्लासम् ॥ २६ ॥
गन्धारबन्दिरे तौ झलमलयुगलादिसमुदयोपेताः ।
श्रीकल्पपुस्तिका अपि दत्ताः किल सर्वशालासु ॥ २७ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कृतसङ्घसत्कृती वाचाचयतां चादापयतां तौ च रूप्यनाणकयुग् ।
ददतुश्च सितापुञ्जं समस्ततन्नागरिकवणिजाम् ॥ २८ ॥
कृतवन्तौ तावित्यादि विहितचतुर्थव्रतादरौ सुकृतम् ।
आगमगच्छेशश्रीविवेकरत्नाख्यगुरुवचनात् ॥ २९ ॥
अथोत्तमौ पर्वतकान्हनामकौ
सार्थोद्यमौ सूरिपदप्रदापने ।
आकारितानां च समानधर्मिणाम्
नानाविधस्थानसमागतानाम् ॥ ३० ॥
पुंसां दुकूलादिकदानपूर्वकं
समस्तसद्दर्शनसाधुपूजनात् ।
महामहं तेनतुरुत्तरं तौ
पवित्रचित्तौ जिनधर्मवासितौ ॥ ३१ ॥ युग्मम् ।
आगमगच्छे विभूनां सूरिजयानन्दसद्गुरोः क्रमतः ।
श्रीमद्विवेकरत्नप्रभसूरीणां सदुपदेशात् ॥ ३२ ॥
शशिमुनितिथि १५७१ मितवर्षे समग्रसिद्धान्तलेखनपराभ्याम् ।
ताभ्यां व्यवहर-परवतकान्हाभ्यां सुकृतरसिकाभ्याम् ॥ ३३ ॥

षड्ऋतुषडेकमितेऽब्दे १६६६ वृद्धतपगुरूणाम् ।
श्रीहीरविजयसूरीश्वरप्रभूणां प्रवरशिष्यैः ॥

श्रीकनकविजयगणि-रामविजय श्रेयोत्र ॥ संवत् १७३५ वर्षे आषाढमासे कृष्णपक्षे ९ तिथौ सोमवारे श्रीस्थंभतीर्थे माणिकचोकमध्ये षारूवाडामध्ये लिपीकृतम् ॥ ॥ यादशं पुस्तके दृष्टं तादृशं लिखितं मया। यदि शुद्धमशुद्धं वा मम दोषो न दीयताम् ॥ ॥ श्रीः ॥ ॥ शुभं भवतु ॥ छ ॥

પ્રશસ્તિનો સાર

૧. શ્રી વર્ધમાનસ્વામીના મંદિરથી અલંકૃત સંડેરપુર(સાંડેરા)માં પ્રાગ્વાટવંશીય (પોરવાડ) જ્ઞાતીય, સુમતિશાહનો યશસ્વી અને રાજમાન્ય આભૂ નામનો પુત્ર હતો. તેનો પુત્ર શ્રેષ્ઠી આસડ હતો.

૨. આસડનો ન્યાયવાન્, વિનયી અને સજ્જનમાન્ય મોષ (મોક્ષ) નામનો પુત્ર હતો. અને મોષનો ભાઈ વર્ધમાન હતો. તેને ચંડસિંહ નામે સદાચારી પુત્ર હતો. ચંડસિંહને સાત પુત્રો હતા. તેમાં સહુથી મોટો પેથડ હતો.

૩. પેથડને ક્રમથી ૭ નાના ભાઈ હતા—નરસિંહ, રત્નસિંહ, ચતુર્થમલ્લ (ચોથમલ), મુંજાલ, વિક્રમસિંહ અને ધર્મણ.

૪. પેથડે અણહિલપાટક પત્તનની પાસે આવેલ સંડેરકમાં પોતાના ધન વડે પોતાની કુલદેવતા અને વીરસેશ (?) નામના ક્ષેત્રપાળથી સેવાયેલ અથવા રક્ષિત મોટું ચૈત્યમંદિર કરાવ્યું.

૫. આ શ્લોકનો આશય સમજાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. પેથડે વીજાપુરમાં* સ્વર્ણમય પ્રતિમાલંકૃત તેમ જ તોરણથી યુક્ત એક મંદિર કરાવ્યું.

૭. અને આબુગિરિમાં મહામાત્ય શ્રી વસ્તુપાળકારિત નેમિનાથના મંદિરનો—અપાર સંસારસમુદ્રમાં ડૂબતા પોતાના આત્માના ઉદ્ધારની જેમ—ઉદ્ધાર કરાવ્યો.

૮. તેમ જ પોતાના ગોત્રમાં (?) થઈ ગયેલ ભીમાશાહની કરાવતાં અપૂર્ણ રહેલ પિત્તલમય આદ્યાપ્ત–આદીશ્વરની પ્રતિમાને સ્વર્ણથી દઢ સંધિવાળી[1] કરી (?).

૯–૧૦–૧૧. તથા ચરમ જિનવરની–મહાવીરની મનોહર મૂર્તિને તૈયાર કરાવી [2]ઘરમંદિરમાં (પરોણારૂપે) સ્થાપન કરી અને તે મૂર્તિને સંવત્ ૧૩૬૦માં, કે જ્યાં લઘુવયસ્ક મહારાજા કર્ણદેવ (કરણઘેલો) રાજ્ય ચલાવતા હતા તે વખતે, શુભ વિધિના સાધનમાં સાવધાન પેથડે છ ભાઈઓની સાથે મહોત્સવપૂર્વક નગરના મોટા મંદિરમાં શુભ મુહૂર્તે[3] સ્થાપન કર્યા બાદ સિદ્ધાચળમાં આદીશ્વરને અને ગિરનારમાં નેમિનાથને ભેટી પોતાના મનુષ્યજન્મને પવિત્ર કર્યો. તદનંતર બીજી વખત સંઘપતિપણું સ્વીકારી સંઘની સાથે છ યાત્રાઓ કરી.

૧૨. સંવત ૧૩૭૭ના દુષ્કાળ વખતે પીડાતા અનેક જનોને અન્નાદિકના દાનથી સુખી કર્યા.

૧૩–૧૪–૧૫. એક વખતે ધર્માત્મા પેથડે ગુરુ પાસે જિનાગમશ્રવણનો ઘણો લાભ જાણી પોતાને તે સંભળાવવા માટે ગુરુને પ્રાર્થના કરી. ગુરુ તેને સંભળાવવા માટે પ્રવૃત્ત થયા ત્યારે તેણે તેમાં આવતા વીર–ગૌતમના નામની ક્રમશઃ સ્વર્ણ–રૂપ્ય નાણકથી પૂજા કરી. તે પૂજાથી એકઠા થયેલ દ્રવ્ય વડે શ્રી સત્યસૂરિના વચનથી તેણે ચાર જ્ઞાનભંડાર લખાવ્યા. તેમ જ નવ ક્ષેત્રમાં પણ અન્ય ધનનો વ્યય કર્યો.

૧૬. પેથડનો પુત્ર પદ્મ, તેનો લાડણ, લાડણનો આલ્હણસિંહ, અને તેનો મંડલિક નામનો પુત્ર હતો.

૧૭. મંડલિકે ગિરનાર, આબુ આદિ તીર્થોમાં ચૈત્યોનો ઉદ્ધાર કરાવ્યો તથા પોતાના ન્યાયોપાર્જિત ધનથી અનેક ગામોમાં ધર્મશાળાઓ કરાવી. તેમ જ તે અનેક રાજાઓનો માનીતો હતો.

૧૮. વિક્રમ સંવત ૧૪૬૮ના દુકાળ વખતે[4] લોકોને અન્નાદિ આપી દુકાળને એકીસાથે જીતી લીધો.

૧૯. તથા સંવત ૧૪૭૭માં શત્રુંજય આદિ મહાતીર્થોની યાત્રા કરી.

૨૦. તેમ જ જયાનંદસૂરિના ઉપદેશથી પુસ્તકલેખન, સંઘપૂજા આદિ વિવિધ ધર્મકૃત્યો તેણે કર્યાં.

---

* આ પ્રતિમાઓ પંચધાતુમય હોય છે. પણ તેમાં સ્વર્ણનો ભાગ વધારે હોવાથી સ્વર્ણમય કહેવાય છે.

૧. આ પ્રતિમાનો ઉદ્ધાર આબુજીમાં કરાવ્યો હોય.

૨. ધનાઢ્ય ગૃહસ્થોએ પોતાના ઘરમાં પૂજાને માટે રાખેલ જિનપ્રતિમાદિ સામગ્રી જ્યાં રહે તેનું નામ ઘરમંદિર–ગૃહપ્રાસાદ–છે.

૩. આ પ્રતિમાસ્થાપનવિધિ સાંડેરામાં સંભવે છે.

૪. આ દુષ્કાળ તેમ જ તે પછીના બે વર્ષના દુષ્કાળની સૂચના અન્ય પ્રશસ્તિમાં પણ વિદ્યમાન છે. " अष्टाषष्टादिवर्षत्रितयमनुमहाभाषणे संप्रवृत्ते दुर्भिक्षे लोकलक्षक्षयकृति नितरां कल्पकालोपमाने।" ઇત્યાદિ જુઓ. જૈન કૉન્ફરન્સ હેરલ્ડ, પુ. ૯, અંક ૮–૯માં શ્રીમાન જિનવિજયજી સંપાદિત જ્ઞાતાસૂત્રના અંતમાં ઉલ્લિખિત પ્રશસ્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧. મંડલિકનો વ્યવહર[1]–વિજિત નામનો પુત્ર હતો. તેને વરમણુકાઈ નામે સ્ત્રી હતી.

૨૨. તેની કુક્ષીરૂપ માનસમાં હંસ સમાન પર્વત, ડુંગર અને નર્મદ નામના ત્રણ પુત્રો હતા.

૨૩. તેમાં પર્વત સહસ્રવીર (પુત્ર) તથા પોઈઆ (ભાર્યા) આદિ કુટુંબની સાથે વંશની શોભા વધારનાર હતો.

૨૪. અને બીજો ડુંગર—જેને મંગાદેવી ભાર્યા અને કાન્હા નામનો પુત્ર હતો—વંશની શોભા વધારનાર હતો.

૨૫. પર્વત–ડુંગરે (બે ભાઈઓએ) પોતે તૈયાર કરાવેલ મૂર્તિને પ્રતિષ્ઠા (અંજન–શલાકા[2]) કરાવીને સંવત ૧૫૫૯માં તેમણે સ્થાપનમહોત્સવ કર્યો.

૨૬. સં. ૧૫૬૦માં તેમણે જીરાપલ્લી (જીરાવલા) પાર્શ્વનાથ, અર્બુદ આદિ તીર્થોની યાત્રા કરી.

૨૭–૨૮. તદનંતર ગંધાર બંદરમાં[3] તેમણે દરેક શાળામાં–ઉપાશ્રયમાં ઝેલમલ (?) યુગલાદિની સાથે કલ્પસૂત્રની પ્રતિઓ અર્પણ કરી. તેમ જ સંઘનો સત્કાર કરી નગરનિવાસી વણિકજનોને રૂપાનાણાની સાથે સાકરનાં પડીકાં અપાવ્યાં.

૨૯. ઇત્યાદિ સુકૃતો કર્યા પછી આગમગચ્છીય શ્રી વિવેકરત્નના ઉપદેશથી ચતુર્થ વ્રત (બ્રહ્મચર્ય) પ્રત્યે આદર કર્યો.

---

૧. ગાંધી, મોદી આદિની જેમ ધંધાથી રૂઢ થયેલ શબ્દ હોવો જોઈએ.

૨. પ્રતિમામાં દેવત્વારોપણ નિમિત્તે કરાતા વિધાનવિશેષને 'અંજનશલાકા' કહે છે.

૩. આ ગંધાર ગામ, ભરૂચ જિલ્લાના જંબૂસર તાલુકામાં આવેલું છે. એની આસપાસના પ્રદેશમાં એ પણ એક તીર્થસ્થાન જેવું ગણાય છે. ઉપર વર્ણવવામાં આવેલું કાવીતીર્થ અને આ તીર્થ, "કાવી-ગંધાર" આમ સાથે જોડકારૂપે જ કહેવાય છે. આ ગંધાર ગામ તે સત્તરમા સૈકાનું પ્રસિદ્ધ ગંધાર બંદર જ છે, જેનો ઉલ્લેખ हीरसौभाग्य, विजयप्रशस्ति, विजयदेवमाहात्म्य અને हीरविजयसूरिरास વગેરે ગ્રંથોમાં વારંવાર આવે છે. અકબર બાદશાહ તરફથી જ્યારે સંવત ૧૬૩૮ની સાલમાં હીરવિજય-સૂરિને આગ્રા તરફ આવવાનું આમંત્રણ આવ્યું હતું તે વખતે એ આચાર્યવર્ય આ જ ગામમાં ચાતુર્માસ રહેલા હતા. હીરવિજયસૂરિ અને વિજયદેવસૂરિ વગેરે એ સૈકાના તપાગચ્છના સમર્થ આચાર્યો–યતિઓ ઘણી વખતે આ ગામમાં આવેલા અને સેંકડો યતિઓની સાથે ચાતુર્માસ રહેલાના ઉલ્લેખો વારંવાર ઉક્ત ગ્રંથોમાંથી મળી આવે છે. એ ઉપરથી જણાય છે કે તે વખતે એ સ્થળ ઘણું જ પ્રસિદ્ધ અને સમૃદ્ધ શ્રાવકોથી ભરેલું હશે. આજે તો ત્યાં ફક્ત ૫–૨૫ ઝૂંપડાઓ જ દૃષ્ટિગોચર થાય છે. જૂનાં મંદિરનાં ખંડેરો ગામ બહાર ઊભાં દેખાય છે. વર્તમાનમાં જે મંદિર છે તે ભરૂચનિવાસી ગૃહસ્થોએ હાલમાં જ નવું બંધાવ્યું છે. એ સ્થળે ફક્ત એ મંદિરના ખંડેર સિવાય બીજું કાંઈ પણ જૂનું મકાન વગેરે પણ જણાતું નથી. અઢીસો ત્રણસો વર્ષ પહેલાં જે સ્થળ આટલું બધું ભરભરાટી-વાળું હતું તેનું આજે સર્વથા નામનિશાન પણ દેખાતું નથી તેનું કાંઈ કારણ સમજાતું નથી. ત્યાંના લોકોને પૂછતાં અમને કહેવામાં આવ્યું કે, એક વખત એ ગામ ઉપર દરિયો ફરી વળ્યો હતો અને તેના લીધે આખું શહેર સમુદ્રમાં તણાઈ ગયું હતું. પરંતુ આ લેખોવાળી જિનપ્રતિમાઓ અને મંદિર કેમ બચવા પામ્યું અને બાકીનું શહેર કેમ સંપૂર્ણ નષ્ટ થઈ ગયું તેનું સમાધાન કાંઈ અમને અદ્યાપિ થઈ શક્યું નથી. શોધકોએ આ બાબતમાં વિશેષ શોધ કરવાની જરૂરત છે.—સં૦ [પ્રાચીન જૈન લેખસંગ્રહ].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૦–૩૧. જિનધર્મમાં દૃઢ શ્રદ્ધાવાળા, પવિત્ર ચેતસ્ક અને વિવેકરત્નને આચાર્યપદ અપાવવા માટે ઉદ્યમવાળા પર્વત અને કાન્હે (કાકા-ભત્રીજાએ) મહોત્સવમાં ભિન્ન ભિન્ન સ્થળોએથી આવેલ સાધર્મિકોને રેશમી વસ્ત્રાદિના દાનપૂર્વક તેમ જ સાધુસમુદાયના સંમાનપૂર્વક મહાન મહોત્સવ કર્યો.

૩૨–૩૩. આગમગચ્છનાયક શ્રી જયાનંદસૂરિના ક્રમથી થયેલ શ્રી વિવેકરત્નપ્રભસૂરિના ઉપદેશથી સંવત ૧૫૭૧માં–સમસ્ત આગમ લખાવતાં સુકૃતૈષી વ્યવહારુ પર્વત–કાન્હાએ [નિશીથચૂર્ણિ પુસ્તક લખાવ્યું છે.] સંવત ૧૬૬૬માં હીરવિજયસૂરીશ્વરના શિષ્યોએ [લખાવ્યું], કનકવિજય–રામવિજયે, સંવત ૧૭૩૫ના અષાડ વદિ ૯ સોમવારે ખંભાતમાં માણેકચોકમાં [આ પુસ્તક] લખ્યું છે.

પ્રશસ્તિમાંથી તરતી મુખ્ય બાબતો

આ પ્રશસ્તિના નાયકો સાંડેરના રહેવાસી તેમ જ પ્રાગ્વાટજ્ઞાતીય હતા.

આમાં કુલ તેર પેઢીઓનાં નામો આવ્યાં છે. પણ તેમાંથી મુખ્યતયા પુણ્યકૃત્યો છઠ્ઠી પેઢીએ થએલ પેથડે, દશમીએ થયેલ મંડલિકે અને બારમીએ થએલ પર્વતે જ કર્યાં છે.

પેથડના સુકૃતો—સાંડેરામાં મંદિર કરાવ્યું, વીજાપુરમાં એક ચૈત્ય સ્વર્ણમય (પંચધાતુમય) પ્રતિમાયુક્ત મંદિર કરાવ્યું. આબુજીમાં વસ્તુપાળકૃત નેમિનાથના ચૈત્યનો ઉદ્ધાર કરાવ્યો. ભીમાશાહની અપૂર્ણ પ્રતિમાને પૂર્ણ કરાવી. સાંડેરામાં મહાવીરપ્રભુની પ્રતિમા સંવત્ ૧૩૬૦માં સ્થાપન કરી. તે સમયે લઘુવયસ્ક કર્ણદેવ રાજ્ય કરતા હતા. ૭ વખત સિદ્ધાચલ આદિના સંઘ કહાડી યાત્રા કરી. ૧૩૭૭ના દુકાળમાં લોકોને અન્નાદિક આપી સહાય કરી. સત્યસૂરિના કથનથી ચાર જ્ઞાનકોશ લખાવી સ્થાપન કર્યા.

મંડલિકનાં પુણ્ય કૃત્યો—ગિરિનાર, આબુ આદિમાં ચૈત્યનો ઉદ્ધાર કરાવ્યો. કેટલાંક ગામોમાં ધર્મશાળાઓ કરાવી. ૧૪૬૮માં દુકાળ વખતે લોકોને અન્ન–વસ્ત્રાદિ આપી મદદ કરી. ૧૪૭૭માં શત્રુંજયાદિની યાત્રા કરી. જયાનંદસૂરીના ઉપદેશથી ગ્રંથલેખન, સંઘભક્તિ આદિ ધર્મકૃત્યો કર્યાં.

પર્વતનાં સુકૃત કૃત્યો—સંવત ૧૫૫૯માં પ્રતિમા સ્થાપન કરી. ૧૫૬૦માં આબુ આદિ તીર્થોની યાત્રા કરી. ગંધાર બંદરમાં દરેક ઉપાશ્રયમાં કલ્પસૂત્રની પ્રતો આપી અને ત્યાંના રહેવાસી વણિક લોકોને રૂપાનાણા સાથે સાકરનાં પડીકાં આપ્યાં. વિવેકરત્નના આચાર્યપદ-પ્રદાનનો મહોત્સવ કર્યો. વિવેકરત્નના ઉપદેશથી ગ્રંથભાંડાગાર સ્થાપન કરવા માટે પુસ્તકો લખાવતાં સંવત ૧૫૭૧માં પ્રસ્તુત નિશીથ-ચૂર્ણિ પુસ્તક લખાવ્યું. આ પ્રશસ્તિથી બે દુકાળની માહિતી મળે છે. એક સંવત ૧૩૭૭નો અને બીજો સંવત ૧૪૬૮ નો.

વિવેકરત્નની આચાર્યપદવી સંવત ૧૫૬૦ અને ૭૦ના વચમાં થઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશસ્તિ ઉપરથી ઉપજતું વંશવૃક્ષ

- સુમતિ
  - આભૂ
    - આસડ
      - મોષ (મોક્ષ)
      - વર્ધમાન
        - ચંડસિંહ
          - પેથડ
            - પદ્મ
              - લાડણ
                - આહ્લણસિંહ
                  - મંડલિક
                    - વિજિત (પત્ની વરમણકાઈ)
                      - પર્વત (પ. પોઈઆ)
                        - સહસ્રવીર
                      - ડુંગર (પ. મંગાદેવી)
                        - કાન્હા
                      - નર્મદ
          - નરસિંહ
          - રત્નસિંહ
          - ચતુર્થમલ્લ (ચોથમલ)
          - મુંજાલ
          - વિક્રમસિંહ
          - ધર્મણ

અંતિમ વક્તવ્ય

પ્રસ્તુત પ્રશસ્તિ 'નિશીથચૂર્ણિ' તથા 'વિંશોદ્દેશકવ્યાખ્યા'ના અંતમાં ઉલ્લિખિત છે. (ચૂર્ણિકાર જિનદાસ મહત્તર છે અને વ્યાખ્યાકાર શીલભદ્રસૂરિશિષ્ય શ્રી ચંદ્રસૂરિ છે. વ્યાખ્યા સંવત ૧૧૭૪માં બની છે.) આ પ્રશસ્તિ જે આદર્શ ઉપરથી ઉતારી છે તે પુસ્તકના લખાવનારની નથી પણ જેના ઉપરથી આ પુસ્તક લખાયું છે તે પુસ્તકની પ્રતિકૃતિ જેના ઉપરથી થઈ છે તે પુસ્તકના લખાવનારની આ પ્રશસ્તિ છે, કારણકે તે પુસ્તકનો ઉતારો સંવત ૧૫૭૧માં થયો છે. તેના ઉપરથી હીરવિજયસૂરિના શિષ્યોએ સંવત ૧૬૬૬માં પ્રતિકૃતિ રખાવી, અને તેના ઉપરથી ૧૭૩૫માં ખંભાતમાં ઉતારો થયો કે જેના ઉપરથી આ પ્રશસ્તિ ઉતારી છે. આ પ્રશસ્તિમાં અશુદ્ધિઓ ઘણી હતી તેને સુધારીને આપી છે. ફક્ત જ્યાં ખાસ અન્ય કલ્પના કરવાનો અવકાશ હોય તેવે સ્થળે મૂળ પાઠ રાખી શુદ્ધ પાઠ કોષ્ટકમાં આપ્યો છે.

આ પુસ્તક પાટણના રહેવાસી સદ્ગત શેઠ અંબાલાલ ચુનીલાલના ભંડારનું છે. તે ભંડાર હાલ પાલીતાણામાં આણંદજી કલ્યાણજીની દેખરેખમાં છે. હાલ તેનો વહીવટ પાલીતાણાના રહેવાસી માસ્તર કુંવરજી દામજીના હાથમાં છે, જેમની ઉદારતાથી આ પ્રશસ્તિ વાચકોના નેત્ર આગળ પ્રાપ્ત થઈ છે. આ સ્થળે આ ત્રણેનાં નામને આપણે ભૂલીશું નહીં.

[પુરાતત્ત્વ, આશ્વિન, સં. ૧૯૭૮

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org